ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

હેઠો બેઠો શ્વાસ 'શુદ્ધ' ઓક્સિજન અપાઈ ગયું !!
ગઈ બીજી 'લ્હેર' પણ - 'આંકડામાં' - છપાઈ ગયું !!
છપાઈ ગયું 'સત્ય' મૃતદેહો સાથે થયું 'સતી' -
અછત કાઢે 'દાંત' - મ્યૂકરે નાક કપાઈ ગયું !!
(કોરોનાના પડછાયાનું 'હોરર' સ્વરુપ)

હાઈકુ

કાઢ્યું બકરું -
તો પેસી ગયું ઉંટ -
આવ્યું મ્યુકર!!

ઓક્સિજનની,
થઈ આડઅસર -
ચોંટી તાળવે !?

(અશુદ્ધ ઓક્સિજન કે અસ્વચ્છ સાધનોનું પરિણામ)

### ચિંતન

યત્ જ્ઞાત્વા મત્તો ભવતિ સ્તબ્ધો ।
ભવતિ આત્મારામો ભવતિ ॥

ઉપરોક્ત શ્લોક ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ભક્તિને જાણવાથી (મળવાથી) મનુષ્ય ઉન્મત્ત બને છે, શાંત થાય છે અને આત્મરામ બની જાય છે. જ્ઞાત્વા એટલે જાણવાથી, જાણવાનો અર્થ દર્શનશાસ્ત્રમાં 'એક થઈ જવું' એવો કરવામાં આવે છે. જેમ કે બ્રહ્મને જાણનાર બ્રહ્મ બની જાય છે.

ભક્ત ઉન્મત્ત બને છે. ત્યારે તે એવો પ્રભુમય જ બની જાય છે. તેને બાહ્ય દુનિયાનું ભાન સુધ્ધાં રહેતું નથી. જે ભક્ત દિવ્યપ્રેમીરુપી મદિરા પીધી છે તે સમાજના સામાન્ય નિયમોનું બંધન સ્વીકારતો નથી. એ હવે સમાજ અને શાસ્ત્રોનો બંદીવાન રહેતો નથી. ભક્ત આત્મરામ એટલે કે પોતાના આત્મામાં જે આનંદમગ્ન બને છે તરિ તે પૂર્ણ સ્વતંત્ર બની જાય છે.

જો મનુષ્ય પોતાના આત્મામાં જ પ્રીતિવાળો, આત્મામાં જ તૃપ્ત અને આત્મામાં જ સંતુષ્ટ હોય છે તો તેને માટે કોઈ કર્તવ્ય જ નથી રહેતું.

### સુવિચાર

- ઐસે મંદિર ચાહતા હૂં મૈં, જો નૃત્ય કે, સંગીત હૈ, હંસને કે મંદિર હો...!
  ઐસા ધર્મ ચાહતા હૂં મૈં... જો મુસ્કુરાહટોં કા, પ્રસન્નતા કા, પ્રમુદિત હોને કા ધર્મ હો...!! - **ઓશો**
- તર્ક ને કોઈ પ્રતિષ્ઠા હોતી નથી - **ઉપનિષદ**
- દંભ, ધમંડ, અભિમાન, ક્રોધ, કઠોરવામી અને અજ્ઞાન વગેરે આસુરી સંપત્તિ છે - **ગીતા સાર**
- જેની પાસે પ્રેમનું ધન નથી એવા નિર્ધનની દયા ખાજો - **જીવન પાથેય**
- જિંદગીની સૌથી મોટી બચત, લોકોનાં દિલમાં તમે બનાવેલી જગ્યા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દોષો જોયા વિના નથી રહી શકતા ને ? તો એક કામ કરો. તમારા હાથમાં જે દૂરબીન છે,એને એક બાજુ પર રાખીને હાથણાં અરીસો લઈ લો, તમારું કામ થઈ જશે - **બૌધી વૃક્ષ**
- આજનું ઔષધ : લીલા કાચા ટામેટાનો રસ એક ચમચીમાં બે ચમચી છાશ મેળવી હાથ-પગ પર દસેક મીનીટ લગાડી રાખવી આમ. ત્રીસ દિવસ કરવાથી હાથ-પગની કાળાશ દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક અંધ માણસ હતો. પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં રાતના એ જયાં જાય ત્યાં એ પોતાની સાથે એક પ્રગટાવેલું ફાનસ સાથે રાખતો. એકવાર એને રાત્રે બહાર નીકળવાનું થયું. એની સાથે પ્રગટાવેલું ફાનસ જોઈ મુસાફરોના એક જૂથે આ દૃશ્ય જોયું. એ જુથે પ્રજ્ઞાચક્ષુની ટીખળ કરતાં પૂછ્યું પણ ખરું "અરે ભાઈ, તમે તો અંધ છો અને તો પણ તમારી સાથે આ પ્રગટાવેલું ફાનસ શું કામ રાખો છો?" પ્રજ્ઞાચક્ષુએ જવાબ આપ્યો. 'હા, દોસ્ત, કમનસીબે હું અંધ છું. પરંતુ મારી સાથે આ પ્રકાશિત ફાનસ એટલા માટે રાખું છું. કારણ કે તમારા જેવા લોકો મને જોઈ શકે. તમને કદાચ હું આવતો ન દેખાઉં પણ તમને આ પ્રકાશિત ફાનસ ખ્યાલ આપી શકે કે અહીંયાથી કોઈ આવી રહ્યું છે અને આપ અને હું ભટકાઈ ન જાઈએ.'

મુસાફર ને પોતાની ભૂલ સમજાઈ ગઈ એને શરમ અનુભવતા પેલા પ્રજ્ઞાચક્ષુ શખ્સની માફી માંગી.

સાર એ છે કે ઝાઝો વિચાર કર્યા વગર આપણે ઘણીવાર સોમની વ્યક્તિ વિશે આપણે મનગમતી ધારણા બાંધીને એના વિશે પૂર્વગ્રહયુક્ત મત બાંધી લઈએ છીએ. આવા વખતે યોગ્ય એ છે કે વિનમ્ર રહીને બીજાના દૃષ્ટિકોણથી વાત સમજીએ.

# આખરે રામદેવબાબા ઝૂક્યા

### તંત્રીસ્થાનેથી...

યોગગુરુ રામદેવબાબાનું મેડિકલ સાયન્સનું જ્ઞાન નહિવત જ છે, છતાં તેઓ સામાન્ય પ્રજા આગળ આધુનિક તબીબી વિજ્ઞાન વિશે વર્ષોથી એલફેલ, જીભે ચડ્યું એ બોલતા રહે છે. યોગનું વિજ્ઞાન પણ એમની પોતાની શોધ નથી. એ તો ઋષિઓનો વારસો છે. યોગથી તંદુરસ્તી જળવાઈ શકે અને રોગપ્રતિકાર શક્તિ વધી શકે એ મુદ્દે આધુનિક તબીબી વિજ્ઞાન પણ સહમત જ છે. પશ્ચિમમાં વિકસેલ હોઈ એ 'યોગ' શબ્દનો ઉપયોગ નહોતા કરતા એટલું જ. ઍક્સરસાઈઝ, ડીપ બ્રીધિંગ - વ્યાયામ અને ઊંડા શ્વાસોચ્છ્વાસથી થનાર ફાયદા વિશે તો એલોપથીથી શરૂથી જ સુવિદિત છે. એ દરરોજ ચાળીસ મિનિટના વોકિંગની, અને એથી પણ આગળ વિવિધ 'સ્ટ્રેચિંગ એકસરસાઈઝ'ની ભલામણ કરે જ છે. એટલે નામફેરે રામદેવના નામે ચડી ગયેલ 'યોગ' પશ્ચિમમાં ઘણાં વર્ષોથી સ્વીકૃત છે. વળી તેઓ ભારતીય યોગવિદ્યાનો પણ નકાર નથી કરતા. એથી ઊલટું આયુર્વેદના તજજ્ઞો અને રામદેવબાબા જેવા અભણ તથા ગામડિયા લોકો એલોપથીના આધુનિક વિજ્ઞાનને મોં માથા વગરના પડકાર ફેંકતા રહે છે અને દઈ શકાય એટલી ગાળો દે છે. હમણાં કોરોનામાં ઉપયોગી એવી આયુર્વેદિક ઔષધિ લોન્ચ કરતી વખતે તો રામદેવની સાથે કેન્દ્રીય આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધન પણ ઉપસ્થિત હતા. એ તો એલોપથીમાં સર્જરીની માસ્ટર ડિગ્રી ધરાવતા દિલ્હીના લોકપ્રિય ડૉકટર છે. પણ રામદેવ બાબાને આવી કોઈ હસ્તીની ઉપસ્થિતિનો મલાજો પાળવા જેટલી પણ તમીજ નથી. એમણે એલોપથીએ અસંખ્ય લોકોના જીવ લીધો હોવાનું આત્યંતિક નિવેદન કરીને કોરોનાકાળમાં ખડેપગે જીવના જોખે દરદીઓને બચાવવા મથતા ડૉકટરો અને પેરા મેડિકલ સ્ટાફને 'હત્યારા' સુધીનો સરપાવ આપી દીધો. રામદેવ બાબા એમની તા લક્ષ્મણરેખાઓ વાંદરાની જેમ હૂપાહૂપ કરી ઓળંગી રહ્યા છે એવું લાગતાં નાછૂટકે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન તથા અન્ય તબીબી મંડળોએ એમની સામે કડક કાર્યવાહી કરવા માટે કેન્દ્ર સરકારને પત્ર પાઠવ્યો. એમની સામે કાયદેસરની એફઆઈઆર નોંધાવી જોઈતી હતી કારણ કોરોનાકાળમાં સામાન્ય પ્રજાને તેઓ બેફામ રીતે ઉશ્કેરી રહ્યા છે. આવાં ઊડઝૂડ નિવેદનો કરીને તેઓ કોરોના જેવા ગંભીર કેસોને તબીબી સારવારથી વેગળા રાખવાનો ગુનો જ આચરી રહ્યા છે. જયારે તેઓ પોતે કે એમના આયુર્વેદાચાર્ય બાલકૃષ્ણ બીમાર પડે ત્યારે એલોપથીની દવાઓ જ લેતા રહે છે. હમણાં રસીકરણ મુદ્દે પણ આવા જ અર્ધદગ્ધ લોકોએ જાત જાતની અફવાઓ ફેલાવી છે. બારાકંકી (ઉત્તરપ્રદેશ)માં લોકોને વહેમ પેંસી ગયો છે કે રસી લઈશું તો મરી જઈશું. જયારે રસી આપનારી ટીમ ગામમાં પહોંચી ત્યારે લોકો ભાગીને સરયૂ કિનારે જતા રહ્યા અને ટીમને નજીક આવતી જોઈ સરયૂમાં કૂદી પડ્યા ! રામદેવ બાબા જેવા કોઈ ઊટપટાંગ બાબાઓએ જ આવો વહેમ એ અભણ ગામડિયાઓના મગજમાં ઘુસાડ્યો હોવો જોઈએ. તબીબી મંડળોના ઊહાપોહ પછી ખુદ દેશના આરોગ્યમંત્રીએ રામદેવના નિવેદન મુદ્દે ઠપકો આપ્યો તથા નિવેદન તત્કાલ પાછું ખેંચવા 'હુકમ' કર્યો. બાબાએ નીચી મૂંડીએ નિવેદન પાછું ખેંચીને કોરોના વોરિયર્સને 'હત્યારા' કહેવા બદલ ખેદ પ્રગટ કરવો પડ્યો છે. ખરેખર તો રામદેવ બાબા સહિત તમામ આયુર્વેદિક - યૂનાની કે દેશી ઓસડિયાનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ થવું જોઈએ. કશા જ લેબોરેટરી એનાલિસિસ વગર બાબાઓ એમની પ્રોડક્ટ્સનો ધૂમ વેપાર કરી પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે એ આ દેશની મોટી કમનસીબી છે. પરંપરા અને સંસ્કૃતિના ઓઠા હેઠળ ભગવી પાર્ટી અને એની સરકાર આવા લેભાગુ તત્ત્વોનો પ્રોત્સાહન કરી માનવજીવન સાથે ચેડાં કરવાની તક અને સરકારી છત્રછાયા પૂરી પાડે એ કોઈ પણ માપદંડથી ઉચિત નથી.

# રાજેશભાઈ-માધુરીબેન સ્મરણોથી-સૂરથી-શબ્દોથી-હંમેશા જીવંત રહેશે



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

'તમે સરસ સંચાલન કર્યું, હવે આપણે નિયમિત મળતા રહીશું.'

મારી શ્રી રાજેશ વૈષ્ણવ સાથેની પહેલી મુલાકાત સમયે તેઓએ મને આ વાક્ય કહ્યું હતું. ૧૯૯૦ના દાયકાના આરંભે ભાવનગર મહાનગરપાલિકાના એક કાર્યક્રમમાં હું સંચાલનમાં હતો, તેઓ વ્યવસ્થામાં હતા.

પારિવારિક વડીલ, અમારા માટે પિતા સમાન અને બહેન દીપ્તિ તથા પ્રીતિ દેસાઈના પિતા શ્રી સુરેન્દ્રભાઈ દેસાઈના માધ્યમથી થયેલો રાજેશભાઈનો પરિચય ત્રણ દાયકાનો રહ્યો. સૂર-શબ્દના માધ્યમથી અને પારિવારિકતાથી અમે જોડાયેલા રહ્યા. નાના ભાઈની જેમ મારા પર એમણે અપાર પ્રેમ અને વાત્સલ્ય વરસાવ્યું.

શ્રીમતી માધુરી વૈષ્ણવ અને શ્રી રાજેશ વૈષ્ણવની જોડી ભાવનગરમાં અને બહારગામના સંગીતપ્રેમીઓમાં 'કેવા રે મળેલા મનના મેળ...' ગીતની વાસ્તવિક છબી બની રહી. દિવસો પહેલા ફાની દુનિયા છોડી જનાર માધુરીબેનની પાછળ રાજેશભાઈએ પણ કદાચ અનંતની વાટ પકડી...

આ બંને આજે આપણી વચ્ચે શરીરથી ભલે નથી, સ્મરણોથી - સૂરથી - શબ્દોથી - ઓડિયો-વીડિયો આલ્બમોથી, તસ્વીરોથી અને 'સુરીલી સાંજ'ના માધ્યમથી હંમેશા જીવંત રહેશે, આપણી આસપાસ જ રહેશે.

એમના પરિચિતો કહે છે, સ્મરણ કરે છે એ મુજબ કોલેજના સમયથી સંગીતમાં - ગાયનમાં ને મુકેશજીના ગીતો ગાવા ખુબ ગમે રાજેશભાઈને, ભાવનગર મહાનગર પાલિકામાં સિવિલ એન્જિનિયર તરીકે જોડાયા પછી લાંબો સમય સંગીતમાં માત્ર શ્રોતા રહ્યા.

૧૯૯૦ના દાયકાની શરુઆતમાં રાજેશ બારોટ - નરેન્દ્ર ચાવડા - અતુલ દવે અને મેં મિત્રો સાથે મળીને 'માધુરી ગ્રુપ' ના કાર્યક્રમો કર્યા. ત્યારથી અને દોસ્ત જયેશ દવે સાથે અમે ભાવનગરમાં 'ગ્રામોફોન કલબ' શરુ કરી ત્યારથી તેઓની બીજી ઈનિંગ સંગીત ક્ષેત્રે શરૂ થઈ. અખિલ ભારત ગઝલ ગાયન સ્પર્ધામાં દીપ્તિ દેસાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું ત્યારે, મુંબઈમાં એના પ્રથમ સોલો પરફોર્મન્સ સમયે પણ રાજેશભાઈ વાત્સલ્ય ભાવ સાથે સંગીતમાં સાથે રહ્યા. મુરબ્બી મહેન્દ્રભાઈ ત્રિવેદીના આયોજન અને પ્રેરણા હેઠળ દીપ્તી દેસાઈ તથા પાર્થિક ગોહિલના સંગીત કાર્યક્રમો સાંદીપની વિદ્યાનિકેતન પોરબંદરમાં નવરાત્રીમાં થયા ત્યારે પણ રાજેશભાઈ સંગીત સંચાલનમાં સાથે જ રહ્યા. ભાવનગર બહાર વલસાડ (તીથલ) ૧૯૯૬માં અને કચ્છ (ગઢશીશા)માં પણણ રાજેશભાઈ - માધુરીબહેન ૧૯૯૭માં કલાકાર તરીકે અમારી સાથે પ્રસ્તુતિ માટે આવ્યા એ મીઠા સંભારણા હજુ પણ અકબંધ છે.

સીધું સાદું વ્યક્તિત્વ - ઓછું બોલે, મધુર હાસ્ય વધુ કરતા રહે, ઘરમાં સહુને આવકારે જમાડે... ભાવનગરના કલાકારો માટે તેઓ જાણે વાત્સલ્યની અમૃતધારા જ હતા.

કી બોર્ડ પ્લેયર દેવેન્દ્ર મહેતા ૧૯૯૭-૧૮માં મુંબઈ સ્થિત દાતાના સૌજન્યથી રૂા. ૫૦ હજારનું કી બોર્ડ તેઓએ અપાતું હતું. ગુરુ-ગાર્ડીઅન - પિતા સમાન હતા રાજેશભાઈ એમની માટે...

સ્વાતિ પાઠક પણ કહે છે કે જૂની હિન્દી ફિલ્મોના ગીતો એમના કારણે શીખી... દરેક કાર્યક્રમમાં માઈક બેલેન્સિંગમાં સ્વાતિ પાસે રાજેશભાઈ એક જ ગીત ગવડાવે 'રહે ના રહે હમ, મહેકા કરેંગે ...' શું એ પણ ગર્ભિત સંદેશ હશે?

સૂરીલી સાંજ સાથે ૩૭મા કાર્યક્રમથી જોડાયેલા ગાયક હારિત ધોળકિયા કહે છે કે એમણે સહુને દીકરી-દીકરીની જેમ સાચવ્યા છે. સૂરીલી સાંજ એક ગ્રુપ નહીં ફેમીલી હતું.

માધુરી બહેનને 'મમ્મા' તરીકે જ સંબોધતી સુરભી પરમાર પર સ્વીકાર કરે છે કે આજે હું જયાં પણ પહોંચી છું એમાં રાજેશભાઈ - માધુરીબહેન મારા માટે માતા-પિતા અને ગુરુ સમાન રહ્યા છે.

તમામ કલાકારો કહે છે કે કોરોનાકાળમાં કલાકારોની સ્થિતિ ખરાબ હતી અને હજુ છે તેવા સમયે કોઈ જાહેરાત વિના રાજેશભાઈએ કેટલાય કલાકારોને ખુબ આર્થિક મદદ કરી છે.

સહુના માટે આદરણીય અને અત્યંત લાગણીશીલ કલાકાર શ્રી કમલેશ આવત્સથીએ લખ્યું છે. 'અત્યંત સૂરીલા, સંન્નિષ્ઠ અને સાલસ સ્વભાવ ધરાવતા રાજેશભાઈ અમર રહેશે!'

કલાકારોના પ્રેમી અને સંગીતના ચાહક મુરબ્બી યજ્ઞેશ આચાર્ય લખે છે આ બંનેનો ખાલીપો સદેહ અનુભવાશે પણ તેમના સ્વરાત્માથી ભાવનગરનો કલાપથ મહેકતો રહેશે.

એ જ રીતે કલાકાર - પત્રકાર જયેશ દવે પણ કહે છે 'રાજેશભાઈ, તમારા વિના તો સાંજ સૂરીલી કેમ બને ?'

ભાવનગરના સાહિત્યપ્રેમી અને જાણીતા કોન્ટ્રાક્ટર શ્રી ભરતભાઈ કોટિલાએ યજ્ઞેશભાઈને કહ્યું કે 'હું રાજેશભાઈને ૧૯૮૦થી ઓળખું છું, અદ્દ્ભૂત, નિખાલસ, નિષ્કલંક અને નિઃસ્વાર્થ વ્યક્તિત્વ હતા તેઓ...' થિયોસોફિકલ સોસાયટીના સહદેવભાઈ, સિદ્ધાર્થભાઈ અને લગભગ પ્રત્યેક સંગીતપ્રેમીના હૃદયમાં રાજેશભાઈ જીવંત છે. રાજેશભાઈ - માધુરીબેનના પુત્રો સુરીલ અને હીરેન, પુત્રવધુઓ દીપ્તી અને શિવાની તથા પૌત્ર ચિન્મય અને પૌત્રી વૃષ્ટિને પણ રાજેશભાઈ - માધુરીબેન વિનાનું ઘર જાણે ભેંકાર હોય એવું લાગે છે.

મારા ત્રણ દાયકાના સંબંધમાં રાજેશભાઈને અત્યંત હર્ષના પ્રસંગે અને અત્યંત વ્યથિત હોય તેવા પ્રસંગે ભીની આંખે પરિસ્થિતિનો સ્વીકાર કરતા જોયા છે. મૌન થતા જોયા છે. આપણી પાસે પણ એમની અનંત તરફની યાત્રાને સ્વીકાર્યા વિના શું ઉપાય છે ? હા, એમની ઈચ્છા હતી કે સુરીલી સાંજના ૩૦૦ શો પૂરા કરવા છે, અત્યારે ૨૭૪ થયા છે... સહુ સાથે મળીને એમનું એ સપનું યોગ્ય સમયે પુરું કરીશું તો આપણી આસપાસ એમની ઉપસ્થિતિ સતત અનુભવાશે અને સાચી સ્વરાંજલિના અજવાળા રેલાશે.

# ત્યારથી જુદું કંઈ રીતે બોલાય એની કળા હું શીખી ગયો છું...



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

"માનવીના હૈયે રમે છે એટલી બધી જ વાતો જો હોઠે આવતી હોત તો દરરોજના કો-પાંચસો જૂનો એક-એક શહેરમાં ઊજવાતા હોત."

'બીડેલા હૈયા' નવલકથામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ કડવી વાસ્તવિકતા લખી છે. વ્યક્તિ જે સાચું છે તે નથી જણાવતો, પણ સારું લાગે છે તે બોલે છે. વ્યાવહારિક સમાજમાં જીવવા માટે વ્યાવહારિકતાની ટર્મ્સ એન્ડ કન્ડિશન છે, તે સ્વીકારીને ચાલવાનો છે મહાવરો દરેક વ્યક્તિએ કેળવી લીધો છે.

ખરેખર વસ્તુસ્થિતિ એ છે કે માણસ સાવ નિખાલસ થવા માગે છે, પેટ છૂટી વાત કરવા ઈચ્છે છે. પ્રત્યેક માણસ ઢીલો છે, એ ક્યાંક ને ક્યાંક પોતાને ખાલી કરવા ઝંખે છે. ઢોળાઈ જવા તત્પર હોય છે, પણ મુશ્કેલી એ છે કે આ માટે યોગ્ય સ્થળ મળતું નથી અને અગાઉ જ્યાં જ્યાં પણ એણે પોતાના હૃદયની સત્યતા, મનનો ઉકળાટ, અંતરની છટપટાહટ, ખોલવાનો ગુનો કર્યો ત્યાં ત્યાં એણે થાપ ખાધી છે. એની આ નિખાલસતા, સરળપણાંનો કાં તો લાભ ઉઠાવવામાં આવ્યો છે અથવા તો તેની ખરાબ રીતે મજાક ઉડાવવામાં આવી છે. તેને હસી નાખવામાં આવ્યો છે.

પ્રત્યેક માણસને ક્યાંક વરસી પડવાનું ગમે છે, પણ ઉપર જણાવ્યું તેમ સમાજનો દંભી વર્ગ, એટીકેટવાળી સભ્યતાએ જ આ નિખાલસ, સંવેદનશીલ અને લાગણીશીલ માણસને ગણતરીબાજ, સંવેદનશૂન્ય અને રીઢો બનાવી દીધો છે. માણસે અસલ સ્વભાવ પર સંપૂર્ણપણે વ્યાવહારિકતાની પ્લાસ્ટીક સર્જરી કરાવવી પડે છે.

ભગવાને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે. તો તેને જીવવાનો અભિનય કરવા માટે કે પછી શિષ્ટાચાર પૂરો કરવા માટે નથી જીવવાનું. માણસ-માણસ સામે ખૂલી શક્તો નથી. ભગવાને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે, સાચું બોલવાની બદલે સારું બોલવાની ટેવવાળો થયો ત્યારથી, ખોટું કરવાની વૃત્તિ વ્યક્તિમાં પ્રવેશી ગઈ છે.

કમકમાટીભર્યો ખૂનકેસ સમાચારમાં દેખાડાતો હોય ત્યારે અરેરાટી છૂટ છે, મરી ગયેલા શરીર ક્રમકમાટી જગાડે છે, પણ રોજ-રોજ સંસારના વ્યાવહારિકતા રૂપી અત્યાચારો વેઠી-વેઠીને અધમૂઆ થઈ ગયેલાઓની પરવા કરનાર કોઈ નથી. લાકડી, ખંજર, તલવાર કે બંદૂકથી ન થયો હોય તેવા પ્રહારને પ્રહાર ગણવા કોઈ તૈયાર નથી.

સંવેદનાઓ પરના પ્રહારો વેઠી લેવા એ આજના સમજુ માણસની મજબૂરી છે. અથવા તો એમ કહો કે આજકાલ સમજુ માણસની વ્યાખ્યા જ એ બની ગઈ છે. ચૂપચાપ તમાશો સહન કરવાનો અને જોયા કરવાનો. તેમાં ભાગ લેવો હોય તો મૂક પ્રેક્ષક બની રહેવાનું, પણ તેની વિરુદ્ધ તરફ પણ નીકાળશો તો પહેલો પથ્થર તમને વાગશે.

બાળપણમાં જ ચાની લારી પર કામ કરતા બાળકે નિર્દોષતા વટાવી ખાવી પડે છે. નાની ઉંમરે મોટા થઈ જવું તેના માટે જરૂરી છે, બાળપણની નિખાલસતા તેને પોસાય તેમ નથી, ને આથી જ સંજોગો તેની નિખાલસતાને પગ તળે કચડીને વ્યાવહારિક્તાનો રસ્તો સાફ કરી આપે છે. બાળપણને શાણપણ વટાવી ખાય છે.

ગામડાંના ખેડૂતની નિખાલસતાનો શહેરનો વેપારી લાભ લઈ જાય છે. ભોળા કિસાનની મહેનત પ્રમાણે ભાવ આપતો નથી. ખેડૂતને છેતરીને તે વેપારી તેની પાસેથી ધાન્ય જ નહીં તેની નિખાલસતા પણ ચોરી લે છે. પછી ખેડૂત પણ શાણો બનીને વ્યવહારું સમાજમાં ઢળવા માંડે છે, તેની પાસે બીજો રસ્તો જ નથી.

એક સંવેદનશીલ અને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષકનો આદર્શ અને તેની લાગણી એ છે કે બાળકોને ખરા અર્થમાં સરસ્વતીની સાધના શીખવવી પણ તેની આ ભાવનાને લુચ્ચા સંચાલકો દૂધ-પીતી કરી દે છે, અને પછી ગણતરીબાજ ટ્યૂશનિયા શિક્ષકનો જન્મ થાય છે. શાળામાંથી ગુજરાન ચાલે તેટલો પગાર ન મળતો હોવાથી પ્રેક્ટિકલ રસ્તો અપનાવીને તે ટ્યુશનને રવાડે ચડે છે.

સાત્ત્વિક અને શ્રદ્ધાળુ ભક્તને ઢોંગી ધર્મગુરુઓ વટલાવી નાખે છે. નિખાલસ માણસને નિખાલસ બનવા બદલ પસ્તાવું પડે એવા આપણા સમાજમાં, ધાર્મિકતાના નામે દંભનો જે દૌર ચાલ્યો છે તેનાથી સાચા ભક્તની બદલે સ્વાર્થી અને પ્રોફેશનલ એટીટ્યૂડવાળી ભક્તની વર્ણસંકર કેટેગરી ઉત્પન્ન થઈ છે.

'કિસીકો કુછ ન બતાઓ, કિસી
સે કુછ ન કહો,
સભી સે ખુદ કો છુપાઓ, કિસી
સે કુછ ન કહો.
- શીન કાફ નિઝામ

કોઈને કશું જ નહીં કહેવાનું, કારણકે અહીં કોણ ક્યારે 'બ્રૂટ્સ' બનીને પીઠ પર ઘા કરશે તે કહેવું મુશ્કેલ છે અને આથી જ માણસ હવે ઉઘડતો નથી. ચોમાસામાં હજી પણ ક્યારેક ઉઘાડ નીકળે છે, પણ માણસનો ઉપાડ નીકળવો મુશ્કેલ છે.

અહીંયા એક બાજુ માતા-પિતા બાળકને સત્યના પાઠ શીખવે છે અને એ જ પિતા જયારે સંતાનને કહે છે કે, 'બેટા! જો ઓફિસથી ફોન હોય તો બોસને કહી દે જે ' 'પપ્પા કહે છે કે પપ્પા ઘરે નથી.' પણ આવું તો જોકમાં જ બને છે, ખરેખર તો જૂઠના અને અસત્યના પાઠ ભણતો તે બાળક આબાદ રીતે અસત્ય બોલતા શીખી જાય છે.

સાચું નહીં બોલવાનું સારું બોલવાનું. આપણે ત્યાં માખણનો ઉપયોગ જેટલો ખાવા માટે નથી થતો એટલો તો લગાવવા માટે થાય છે, અને જે લગાવી જાણે છે તે જ આગળ ધપે છે. બટર-પોલિશ કરતા ન આવડે તો બૂટ-પોલિશ કરવાનો વારો આવે છે. જેવા બનવું નથી પણ બનવું પડે તે વ્યવહારિકતા.એક અરેબિયન કવિતા વાંચી હતી, જે અહીં બંધબેસતી જણાય છે.

ઘાસ પર રમતા'તા
રેતીના કિલ્લા બાંધતા'તા....
એ બધું સ્વપ્ન થઈ ગયું.
પણ પછી તો વરુઓ મળ્યાં માણસના ચહેરામાં
આપણને ભયભીત કરી મૂકે એવા
મા એ કહ્યું હતું કે જઠ્ઠું ન બોલતો
પિતાએ સાચું બોલવાની સલાહ આપી હતી
પણ જ્યારથી કદરૂપાને રૂપાળા કહેવાની
સમાજમાં પ્રથા જોઈ
નર્યા દર્ભની કથા જોઈ
ત્યારથી જૂદું કંઈ રીતે બોલાય
એની કળા હું શીખી ગયો.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# તબાહી મચાવતા ચક્રવાતના તે વળી નામ હોતા હશે ?



### આત્મનાદ


પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'હવા કે સાથ ઉડ ગયા,
ઘર ઇસ પરિંદે કા,
કૈસે બના થા ઘોસલા,
વો તુફાન ક્યા જાને..'

હૃદય સોંસરવી ઉતરી જાય એવી આ અજ્ઞાત કવિની બે પંક્તિ છેલ્લા સપ્તાહથી કેમેય કરીને મનમાંથી આઘી ખસતી જ નથી. વર્ષ ૨૦૨૧નો આગાઝ ભારે અટપટો અને હચમચાવી મૂકે એવી બે ઘટનાઓથી થયો. કોરોના દૈત્યના એક પંજામાંથી માંડ છૂટયા ત્યાં બીજી લહેરનો પંજો એની ગીરફતમાં લેવા મથામણ કરવા લાગ્યો. એમાંથી મહામહેનતે મુક્ત થવા મથતાં હતાં ત્યાં તો ચક્રવાતે લગભગ આખા ગુજરાતને ઘમરોળી નાખ્યું. મે તા. ૧૭, ૨૦૨૧, સોમવારની એ ગોઝારી સાંજ ગુજરાત ક્યારેય નહીં ભૂલી શકે. ૧૮૦ થી ૧૯૦ કિમિ.ની ઝડપે વાવાઝોડુ ગુજરાતના પોરબંદર અને મહુવા વચ્ચેના દરિયા કાંઠે એવી બરહેમીથી ત્રાટક્યું કે, ચારે બાજુ સર્વવિનાશ સર્જાઈ ગયો. ચક્રવાત એટલે કુંડાળામાં જોરદાર તાકાતથી ફરતી હવાની ભમરી. મહારાષ્ટ્ર થઈને ગુજરાત ઉપર ત્રાટકેલી આ ત્રાસદીનુ નામ 'TAUKTAE' 'તૌક-તેલ્ર છે. કેટલાક લોકો એના સ્પેલિંગમાં આવતાં 'કે' આલ્ફાબેટને સાયલન્ટ રાખીને 'તૌ-તેલ્ર એવું કહે છે. તો વળી કેટલાક 'તોઉ-તે' કે 'તાઉ-તે' ઉચ્ચાર કરે છે, તો વળી કેટલાક 'તૌઉ-તે' એમ પણ કહે છે.

ગુજરાત પર ત્રાટકેલા આ ચક્રવાતની ફોઈ એટલે કે નામ આપનાર દેશ મ્યાનમાર છે. મ્યાનમારમાં 'તૌક-તે' શબ્દનો અર્થ વિચિત્ર પ્રકારનો ઘેરો અવાજ કરતી ગરોળી એમ થાય છે. આ પહેલાં જૂન-૧૩ ૨૦૧૯માં આવેલા ચક્રવાતનું નામ ભારતે 'વાયુ' આપેલુ. 'વાયુ' શબ્દનો અર્થ સંસ્કૃત અને હિન્દિમાં પવન થાય. નવેમ્બર-૨૦૧૩માં આવેલા વાવાઝોડાને બાંગ્લાદેશે 'ઓખી' નામ આપ્યું હતું 'ઓખી'નો અર્થ આંખ થાય. બાંગ્લાદેશે 'ફની' નામ પણ આપ્યું હતું. ફની એટલે સાપનું દર. એક પ્રશ્ન સહજ રીતે એ થાય કે, ચક્રવાતના તે વળી નામ શા માટે આપવામાં આવતા હશે ? તે પણ અલગ અલગ દેશ દ્વારા આ નામ કેમ આપવામાં આવે છે. અને વળી આખી દુનિયા એ નામને કેમ સ્વીકારે પણ છે ?

ચક્રવાતનું નામ આપવાનું એટલા માટે મુનાસિબ માનવામાં આવ્યું કે, સંખ્યાઓ અથવા ટેકનિકલ ટર્મિનોલોજીથી વાવાઝોડાને યાદ રાખવું કે તેની વિશેની સમજ મેળવવી થોડી અટપટી વાત બની જતી હતી. વાવાઝોડાના નામ આપવાને કારણે મીડિયા વર્લ્ડ, વૈજ્ઞાનિકો, ડિઝાસ્ટર



મેનેજમેન્ટ સાથે સંકળાયેલા લોકોને ચક્રવાતને સમજવા, તેના વિશે જાણ કરવા, ચેતવણીઓ આપવા અને લોકોની સજ્જતા વધારવા માટે ચક્રવાતનુ નામ આપવાની પધ્ધતિ ખૂબ ઉપયોગી બની જતી હોય છે. ચક્રવાતનું નામ આપવા માટે કેટલીક માર્ગદર્શિકા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. જેમાં સૌ પ્રથમ કોઈપણ ચક્રવાતનું નામ રાજકીય વ્યક્તિઓ, રાજકારણ, ધાર્મિક માન્યતાઓ, સંસ્કૃતિઓ, જાતિ કે લિંગને હાનીકર્તા ન હોય અને તટસ્થ હોય તે ધ્યાનમાં રખાતુ હોય છે. વળી જગતમાં કોઈપણ જૂથની ભાવનાઓને આ નામથી કોઈ નુકસાન ન થાય એનુ ધ્યાન રાખવામાં આવતુ હોય છે. એ શબ્દનો અર્થ પ્રકૃતિમાં અણછાજતો અને અસંસ્કારી કે ક્રૂરતા દર્શાવતો ન હોય એનો પણ ખાસ ખ્યાલ રાખવામાં આવતો હોય છે. સાથે સાથે એનું મહત્તમ આંઠ અક્ષરોમાં ટૂંકું નામ કે જે ઉચ્ચાર કરવામાં સરળ પડે એવુ રાખવામાં આવે છે. વળી, કોઈપણ ચક્રવાતનું નામ કોઈને પણ અપમાનિત કરે તે પ્રકારનું ન હોય એની પણ કાળજી લેવામાં આવે છે. ઉત્તર હિન્દ મહાસાગરમાં આવેલા વાવાઝોડાના નામ એકવાર સુનિશ્ચિત થઈ ગયા પછી તેનો ફરીથી ઉપયોગ કરવામાં આવતો નથી. આમ કેટલીક પાયાની બાબતો ચક્રવાતના નામકરણવિધિ સાથે સંકળાયેલી છે.

રિઝીયોનલ સ્પેશ્યલાઈઝ મિટીરીયોલોજીકલ સેન્ટર(આરએસએમસી) અને ટ્રોપિકલ સાઈકલોન વોર્નિંગ સેન્ટર (ટીસીડબલ્યુસી) વિશ્વના કોઈપણ મહાસાગર વિસ્તારમાં ઊભા થયેલાં ચક્રવાતને સંયુક્ત રીતે નામ આપવાનુ કામ કરે છે. વિશ્વમાં કુલ ૬ આરએસએમસી છે. જેમાંનું એક ઈન્ડિયન મિટીરીયોલોજીકલ ડિપાર્ટમેન્ટ છે. વર્લ્ડ મિટીરીયોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએમઓ) અને યુનાઈટેડ નેશન ઈકોનોમિક્સ એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા પેસિફીક વર્ષ ૨૦૦૦થી વિશ્વમાં આવતા ચક્રવાતના નામો સુનિશ્ચિત કરે છે. વર્ષ ૨૦૦૦માં ડબલ્યુએમઓ અને ઈએસએફએપીમાં વિશ્વના આંઠ દેશોની કમિટિ ચક્રવાતના નામ નક્કી કરતી હતી. જેમાં બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ દેશો હતા. ત્યારબાદ ૨૦૧૮માં ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત અને યમન નવા પાંચ દેશોનો ઉમેરો થતાં હવે કુલ ૧૩ દેશો ચક્રવાતના નામ આપવા માટેની કમિટિમાં સામેલ છે. એપ્રિલ ૨૦૨૦માં આ ૧૩ રાષ્ટ્રોએ ૧૩-૧૩ નામો આપીને કુલ ૨૬૯ ચક્રવાતોના નામોની સૂચિ બહાર પાડી.

જુદા જુદા પ્રદેશમાં ચક્રવાતને જે નામે ઓળખાય છે એ પણ એક સમજવા જેવી વાત છે. ચાઈના સી વિસ્તારમાં 'ટાઈફુન્સ', હિન્દ મહાસાગરમાં ઉષ્ણ કટિબંધિય 'ચક્રવાત' (ટ્રોપિકલ સાયક્લોન), કેરેબિયન સીમાં 'હરિકેન્સ', યુએસએમાં 'ટોર્નેડો', નોર્થન ઓસ્ટ્રેલિયામાં વીલી વીલીઝ, ફિલિપિન્સમાં 'બાગ્યો', જાપાનમાં 'તાઈફુ' કહે છે. બહુ શરૂઆતના તબક્કે વાવાઝોડાના નામો મનસ્વી રીતે નક્કી થતાં હતાં. જેમ કે, એટલેન્ટીકમાં વાવાઝોડુ આવ્યું ત્યારે એન્ટજે નામની બોટને તેણે તહસનહસ કરી નાખી એટલે એ વાવાઝોડાનું નામ 'એન્ટજે' નક્કી થયું પણ તે પછી કાળક્રમે ૧૯મી સદીમાં તોફાનો માટે મહિલાઓના નામ આપવાની પ્રથા સુનિશ્ચિત થઈ. આપણે જાણીએ છીએ કે, 'રીટા, કેટરીના' વગેરે જેવા વાવાઝોડાના મઝાના નામે ઘણું વાંચવા અને જોવા મળ્યું છે. ત્યાર પછી ૧૯મી સદીના અંતિમ પડાવમાં દક્ષિણ ગોળાર્ધમાં ચક્રવાતના પુરુષપ્રધાન નામ આપવાનું પણ ચલણ શરૂ થયું.

નામ એક ઓળખ પ્રસ્થાપિત કરે છે. વાવાઝોડુ હંમેશાં દર્દનાક અને તબાહી સર્જનારું હોય, પરંતુ એનું નામ આપવાથી એના વિશે આગોતરી તૈયારી માટે એક ચોક્કસ સરળતા ઊભી થઈ શકે છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના નિષ્ણાતો અને વૈજ્ઞાનિકોના મંતવ્ય અનુસાર ચક્રવાતના નામ આપવાથી તેની વિશે વિગતો જનતા સુધી પહોંચાડવી વધુ સુગમ અને આસાન બની જતી હોય છે. પેલી સેક્સપિયરવાળી વાત પ્રમાણે વિચારીએ તો, 'નામમાં શું રાખ્યું છે ?' ચક્રવાતનું નામ ગમે તે હોય એની તબાહી, દર્દનાક ચિત્કાર અને ખાનાખરાબી તો ભયાનક જ રહેશે ને ! પણ ચક્રવાતના સંદર્ભમાં નામ ખરેખર જરૂરી છે. એની ઉપર ભવિષ્યમાં સંશોધનોનો મોટો આધાર રહે છે. એના આધારે જ ભવિષ્યમાં સલામતિ માટેના નવા પગલાંની ગાઈડલાઈન નક્કી થતી હોય છે.

**ધબકાર :**

**ભુલ લિમડાના નામમાં ક્યાં છે ? અકડાઇ તો જીભની છે,
એણે ગળપણ નામે ગામ સાથે દોસ્તી કરી છે.**